॥ અરણ્યધામ ॥

શ્રીમાન,

અરણ્યધામ
જૈસોર સ્થિત અભયારણ્યના જંગલની મધ્યમાં સાત ડુંગર અને પાંચ ડુંગરી વચ્ચે રહેતા આદિવાસી પરિવારના લોકો માટે આપની વ્યવસ્થા અને આયોજન આધારે બાળકોને શીખવા અને શીખવવા ઉપરાંત એમના નવ સર્જનની પ્રક્રિયામાં આપ સહયોગી રહ્યા છો.

આદિવાસી સમાજના સો દીકરાઓ અને ચાલીસ કરતાં વધારે દીકરીઓ આપના માર્ગદર્શન મુજબ કેળવાતા ચોક્કસ પરિણામ સુધી પહોંચી શકાયું છે.

જ્યાં સુવિધાઓ અને વ્યવસ્થાનો અભાવ હોય, કેળવણીને જીવનમાં કોઈ જ તબક્કે મહત્વ ન અપાતું હોય, તેવા વિસ્તારમાં આપના સહકાર થી અમે આદિવાસી સમાજના બાળકોને કેળવીએ છીએ. અત્યાર સુધીમાં આદિવાસી સમાજના બાળકોના નામે બે વૈશ્વિક પેટન્ટ નોંધવવામાં સફળ થયા એ બાબતનો સંપૂર્ણ યશ આપને આપવો રહ્યો.

આ વર્ષે કોઈ પણ રીતે દીપાવલી વેકેશનમાં અમારે ત્યાં દસ દિવસીય શિબિરનું આયોજન કરવાની સહમતી આપના તરફથી મળશે એવી અમને આશા છે.

અમારા સંકુલને ગુજીપીડિયાનું સંશોધન કેન્દ્ર માની અહીં વારંવાર પધારવા અનુરોધ છે.

આપનો વિશ્વાસુ:

કેશાજી પરમાર
જનરલ મેનેજર
અરણ્યધામ,અમીરગઢ.
જિલ્લો: બનાસકાંઠા.